# મોબાઈલ સ્નેચીંગ કરતા બે આરોપીને ઝડપી પાડતી રાંદેર પોલીસ.

સુરત શહેર વિસ્તારમાં તેમજ રાંદેર પો.સ્ટે વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી મોબાઈલ સ્નેચીંગના બનાવ બનવા પામેલ જે અનુસંધાને રાંદેર પો.સ્ટે. ના અધિકારી/પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ બાતમીના આધારે રાંદેર પો.સ્ટે. વિસ્તારમાં સુકન ચાર રસ્તા પાસેથી મિતેશ હરીભાઈ કંતારીયા ઉ.વ.૨૧ રહે-બી-૩, આર-૭/ઈ, ડબ્લ્યુ એસ. ચિત્રાલી રો હાઉસ, જહાંગીરપુરા, સુરત શહેર તથા શાહિલ યુનુસભાઈ શેખ ઉ.વ.૨૦ લાલગેટ છકકાપીરની દરગાહની સામે ભવાની મેડીકલની બાજુમાં ગુજરાત હાર્ડવેરના ત્રીજા માળે સુરતનાનો નંબર પ્લેટ વગરની SUZUKI GIXER જેની કિ.રૂ. ૬૦,૦૦૦/- ની ઉપર ચોરીના અલગ અલગ કંપનીના મોબાઈલ ફોન-૯ કુલ્લે કિ.રૂ. ૫૩.૮૦૦/- ની મત્તા સાથે ઝડપી પાડી કુલ કિ.રૂ. ૧,૧૩,૮૦૦/- નો મુદ્દામાલ કબજે કરી લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

મજકુર આરોપીઓની પુછપરછ કરતા પોતે તથા તેનો મિત્ર કોઈ કામ ધંધો કરતા નથી મોજશોખ પુરા કરવા માટે મો.સા.લઈ સુરત શહેરના અલગ અલગ વિસ્તારમાં નીકળી રાહદારીઓ ફોન ઉપર વાત કરતા જતા દેખાય તથા ટુ વ્હીલર ગાડીઓ ઉપર બેસીને જતા ઈસમો પાસેથી મોબાઈલ ફોન ખેંચી લઈ નાશી જતા હતા અને બન્ને આરોપીઓ પાસેથી મળી આવેલ મોબાઈલ ફોન બાબતે તપાસ કરતા નીચે મુજબના ગુન્હાઓ કબુલાત કરેલ..

(૧) રાંદેર પો.સ્ટે. I ગુ.ર.નં.૧૯૨/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ (૨) ખટોદરા પો.સ્ટે. I ગુ.ર.નં.૨૯૨/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ (૩) ઉમરા પો.સ્ટે. I ગુ.ર.નં.૨૫૮/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ (૪) ઉમરા પો.સ્ટે. I ગુ.ર.નં.૨૫૭/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ (૫) ઉમરા પો.સ્ટે. I ગુ.ર.નં.૨૫૯/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ જે ગુન્હાઓ વણશોધાયેલ જેનો ભેદ ઉકેલાયેલ છે તેમજ આરોપીઓ પાસેથી અગલ-અલગ કંપનીના બીજા ચાર મોબાઈલ ફોન તથા નંબર પ્લેટ વગરની SUZUKI GIXER મો.સા. કબ્જે કરવામાં આવેલ છે. પ્રસંશનિય કામગીરી કરવામાં આવેલ છે.